અપીલ અરજી નં.૪૫૮ તા.૨૦–૩–૧૦

અરજદારઃ– શ્રી રવિભાઈ ડી.
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રવિભાઈ ડી. ની તા.૧૫–૨–૧૦ ની અરજીથી પ્લોટ નં.૧૭/૫/૨૭, લીમડાઓલી, વોર્ડ નં.૧ માં વીર મુદ્દી કબ્રસ્તાનની પાસે રાંદેર ,સુરત. ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં પ્લોટ નં.૧૭/૫/૨૭ (લીમડાઓલી) કરવામાં આવેલી બાંધકામની કાયદેસરતા કેટલી મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી લીધેલ છે કે કેમ? જો હા તો રજાચીઠ્ઠીની નકલ આપવી. જો ના તો આપના વિભાગે મિલ્કત ધારક વિરૂધ્ધમાં આજદિન સુધીમાં શી કાર્યવાહી કરી તેની નકલો સહીતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૮/૨૦૦૯–૧૦

શ્રી રવિભાઈ ડી. ની તા.૧૫–૨–૧૦ ની અરજીથી પ્લોટ નં.૧૭/૫/૨૭, લીમડાઓલી, વોર્ડ નં.૧ માં વીર મુદ્દી કબ્રસ્તાનની પાસે રાંદેર ,સુરત. ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં પ્લોટ નં.૧૭/૫/૨૭ (લીમડાઓલી) કરવામાં આવેલી બાંધકામની કાયદેસરતા કેટલી મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી લીધેલ છે કે કેમ? જો હા તો રજાચીઠ્ઠીની નકલ આપવી. જો ના તો આપના વિભાગે મિલ્કત ધારક વિરૂધ્ધમાં આજદિન સુધીમાં શી કાર્યવાહી કરી તેની નકલો સહીતની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨ તા.૩–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ અરજદાર તરફથી તા.૮–૪–૧૦ ના રોજ અપીલ હેઠળની અરજી અંગે મારે હવે પછી કોઈ પણ જાતની વિગતની જરૂર રહેતી ન હોવાથી હું મારી અરજી પાછી ખેંચવા અરજી કરું છું જે ધ્યાને લઈ તા.૨૦–૨–૧૦ ના રોજ અપીલ કરી હતી જે અપીલ દફતરે કરવાની અરજીની મુળ નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૯૯ તા. ૧૬–૩–૧૦ થી " આપના તરફથી જણાવવામાં આવેલ પ્લોટ નં.૧૭/૫/૨૭ ઝોનની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૦–૩–૧૦ ના રોજ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૮–૪–૧૦ ના રોજ અપીલ તબકકે પત્ર પાઠવી અપીલ હેઠળની અરજી અંગે મારે હવે પછી કોઈ પણ જાતની વિગતની જરૂર રહેતી ન હોવાથી હું મારી અરજી પાછી ખેંચવા અરજી કરું છું જે ધ્યાને લઈ તા.૨૦–૨–૧૦ ના રોજ અપીલ કરી હતી જે અપીલ દફતરે કરવાની અરજીની મુળ નકલ અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારે અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરતી મુળ નકલ રજૂ કરેલ હોય જે ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારે તા.૨૦–૩–૧૦ ના રોજ કરેલ અપીલ અરજી તા.૮–૪–૧૦ ના રોજ પાછી ખેંચી લીધેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન,...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રવિભાઈ ડી. તંત્રી "સલામ સુરત"